
# અંબાજી નજીક ત્રિશુળીયા ઘાટમાં હવે અકસ્માત અટકાવવા શું કરાશે ?

યાત્રાધામ અંબાજી અને દાંતા વચ્ચે અંબાજી થી માત્ર દસેક કિલોમીટર દૂર આવેલા ત્રિશુળીયા ઘાટ માં અનેકો વખત ગમખ્વાર અકસમાતો સર્જાતા હોય છે ને તાજેતરનિ જ વાત કરીયે તો તારીખ ૭ જૂન ૨૦૧૯ ના રોજ આ ત્રિશુળીયા ઘાટા માં એક જીપ ડાલુ પલ્ટી જતા ૧૦ ના મોત થયા હતા આ અગાઉ ૨૬ માર્ચ ૨૦૧૮ એસ ટી અને જીપ અથડાતા ૯ ઘાયલ થયા હતા ને હમણાં નિજ વાત કરીએ તો ૩૦ ઓકટોમ્બર ૨૦૧૯ ના સાંજ ના સુમારે એક ખાનગી લકઝરી બસ જે આણંદ ના અહીં નાના વાહનો ના બદલે મોટા વાહનો ના અકસ્માત વધુ થતા હોય છે અને જોઈએ એટલા પ્રમાણ માં માર્ગ પહોળો નથી જે આખા ત્રણ કિલોમીટર ના માર્ગની પહોળાઈ એક સરખી હોવી જોઈએ જોકે હાલ માં ફોર લાઈન ની કામગીરી ચાલી રહેલી છે ત્યારે માર્ગ ચોક્કસ પહોળો થશે પણ જો આ માર્ગ ઉપર માર્ગ ની વચ્ચે ડિવાઈડર મુકવામાં આવે અને માત્ર ઉતરવાની બાજુ એ ૩૦ થી ૪૦ ફૂટ ના અંતરે સ્પીડ બ્રેકર મુકવામાં આવે અને સાથે ખીણ ની બાજુ એ ઊંચી મજબૂત રેલિંગ કરવામાં આવે તો




આંકલાવ તાલુકા ના યાત્રિકો ને ભરી દર્શનાર્થે નીકળી હતી જે અંબાજી થી દર્શન કરી પરત ફરતા ત્રિશુળીયા ઘાટા માં બે પલ્ટી મારી જતા ૨૩ મુસાફરો ના કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા ને ૫૦ ઉપરાંત મુસાફરો ગંભીર રીતે ઘવાયા હતા આવા અક્સમાત વારંવાર ત્રિશુળીયા ઘાટ માં હનુમાનજી મંદિર પાસે ના યુ ટર્ન માં અક્સમાત સર્જાતા હોય છે જોકે વારંવાર સર્જાતા આવા અકસ્માતો ને અટકવામાટે સરળ ઉપાય કરવો હોય તો અંબાજી ના જાણીતા પત્રકાર મહેન્દ્ર અગ્રવાલ દ્વારા તૈયાર કરાયેલા આ ગ્રાફિક્સ ફોટો મુજબ જો પ્રયાસ કરવામાં આવે અને તે રીતે ડિઝાઈન કરવામાં આવે તો એક માન્યતા પ્રમાણે મદહદ અંશે અકસ્માતો નિવારી શકાય તેવું માનવું છે

આ તસ્વીર માં જે પ્રમાણે ત્રિશુળીયા ઘાટ ના રસ્તા ના ફોટા ઉપર ગ્રાફિક્સ કરવામાં આવેલ છે તે જોઈએ તો આ ત્રિશુળીયો ઘાટ અંદાજે ૩ કિલોમીટર લાંબો છે ને આ રસ્તો ડુંગરાળ વિસ્તાર માંથી પસાર થાય છે જ્યાં ૧૮ જેટલા જોખમી વળાંકો આવેલા છે ને હાલ આ ત્રિશુળીયા ઘાટ ઉપર ખીણ તરફે અને ઘાટો ઉતરતી બાજુ એ જે લોખંડ ની રેલિંગ મુકેલી છે તે નાના વાહનો માટે બરાબર છે પણ મોટી બસ ને ટ્રક જેવા વાહનો ને રોકવા સક્ષમ નથી તેથી ચોક્કસ પણે અહીં ત્રિશુળીયા ઘાટ માં થતા અકસ્માતો ને નિવારી શકાય તેવું માનવું છે જોકે આ ઘાટ માં ઉતરવાની શરૂઆત પહેલા ૨૦ ફૂટ પહેલા સ્પીડ બ્રેકર બનાવની શરૂઆત કરવી પડે ત્યાં થી વાહન ની સ્પીડ ઓછી થતા ત્રણ કિલોમીટર સુધી સ્પીડ બ્રેકર ના કારણે વાહન ગિયર માં અને ઓછી સ્પીડે શાંતિ થી ઉતરી શકે હાલ માં આ ત્રણ કિલોમીટર નો ઘાટો ઉતરવા ત્રણ મિનિટ લાગતી હોય તો આ સ્પીડ બ્રેકર બનાવ્યા બાદ વાહન ૧૦ મિનિટ માં આરામ થી ઘાટો પાર કરી શકશે ને તે જોતા વધારા ની ૭ મિનિટ માં અનેક લોકો ના જીવ બચી શકે તેમ છે

એટલુંજ નહીં છેલ્લા ચાર માસ મા જ અલગ અલગ બે અકસ્માતો માં ૩૩ લોકો ના મોત નિપજ્યા છે જેમને રાજ્યસરકારે પોતાના રાહતફંડ માંથી એક મ્ર્ત્યુ દીઠ રૂપિયા ૪,૦૦,૦૦૦ લાખ ની ચુકવણી કરી કુલ ૧.૩૨ કરોડ રૂપિયા ની સહાય કરી પોતાની માનવતા બતાવી હતી ને આ અગાઉ પણ અનેક વખત અકસ્માતો સર્જાતા રહ્યા છે ને અનેક લોકો ઘવાયા છે હવે જો રાજ્યસરકાર કે કેંદ્રસરકાર આ ત્રિશુળીય ઘાટ જે ભયંકર અકસ્માત વિસ્તાર છે ત્યાં માત્ર એક વખત ખર્ચ કરી ને મોટી જાનહાની ને અકસ્માત જેવી બનતી ખુવારી ને અટકાવી શકે તેમ છે.

# ધાનેરા થરાદ હાઈવેના કામમાં ડમ્ફરચાલકો બેફામ

## મોટા ભાગના વાહનો નમ્બર વગરના, કોન્ટ્રાક્ટર ઉપર પોલીસ તંત્ર અને આરટીઓ મહેરબાન

ધાનેરાથી થરાદ હાઈવેનું કામ ચાલી રહ્યું છે ત્યારે કોન્ટ્રાક્ટર




દ્વારા કેટલાક ગામડાઓના બહુચરમાંથી ખોદકામ કરી ખનીજ ચોરી કરવામાં આવી રહી છે તો બીજી તરફ ખનીજ ચોરી કરીને ભાગતા ડફેરો બેફામ ચાલી રહ્યા છે અને આ ડમ્પર ચાલક અકસ્માત સર્જી અને મોટી જાનહાનિ સર્જે તો પણ કોઈ નવાઈની વાત નથી ત્યારે તંત્ર તાત્કાલિક જાજે અને મોટી જાનહાનિ કરે તેવી લોકોની માંગ ઉઠવા પામી છે.

ધાનેરાથી થરાદ સુધી નવીન રોડનું કામ ચાલી રહ્યું છે પરંતુ આ કામમાં કેટલીક ગેરરીતીઓ બહાર આવી રહી છે કોન્ટ્રાક્ટર દ્વારા વાહન ચાલકોને નથી તો ડાયવર્ઝન આપવામાં આવ્યું કે નથી કોઈ પણ જાતની સુવિધાઓ આપવામાં આવી અને ખુલ્લી માટી જાહેર રસ્તા પર ઢાળી દેતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે અને જો વાહન ફસાઈ જાય તો કલાકો સુધી વાહન ચાલકોને હેરાન થવું પડે છે તો બીજી તરફ કેટલાક કોન્ટ્રાક્ટર દ્વારા જીસીબી અને સફળ દ્વારા કેટલાક ગામોની ગૌચરની જમીનમાં ખોદકામ કરવામાં આવે છે અને તેમાંથી ખનીજ ચોરી કરવામાં આવે છે ખનીજ ચોરીને ભાગતા ડફેરો બેફામ ચાલી રહ્યા છે અને અકસ્માતનો સર્જાવાનો ભય સતાવી રહ્યો છે ત્યારે એક પણ ડમ્પરને નંબર પણ નથી સરકારના નિયમોને ટ્રાફિક ના નિયમો જો આમ પ્રજા માટે લાગુ પડતા હોય તો આવા કોન્ટ્રાક્ટરો




માટે કેમ નહીં પોલીસ હોય કે આરટીઓ અધિકારી હોય સામાન્ય વાહનચાલકોને તો ખનીજચોરી કે નંબર પ્લેટ જેવા ગુનામાં અટકાયત કરી મોટા મોટા દંડ ફટકારતા હોય છે તે પણ એક મોટો સવાલ છે અને જો તંત્રના અધિકારીઓ આ વાતથી અજાણ હોય તો અમારી ન્યુઝ ટીમ દ્વારા તંત્રને આ બાબતની જાણ કરવામાં આવે છે જો સાચે જ તંત્ર અજાણ હશે તો આવા ડમ્પર ચાલકો સામે અને ગેરકાયદેસર રીતે કામ કરતા કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરશે.

## સિંચાઈ માટેની સુજલામ-સુફલામ યોજનાની વાહવાહી કરી દિપસિંહ રાઠોડે ફોટા પડાવ્યા

# કલાકોમાં પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું

અરવલ્લી જીલ્લામાં ખેડૂતો માટેની સિંચાઈ યોજનામાં ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવી કલાકોમાં સુજલામ-સુફલામ યોજનામાં લીંબ ગામે ખેતરોમાંથી પસાર થતી પાઈપલાઈનમાં



રહ્યો છે. સુજલામ-સુફલામ યોજનામાં ઉચ્ચકક્ષાએથી છુપા આશીર્વાદના પગલે ભ્રષ્ટાચારી યોજના બની રહી છે. સાબરકાંઠાના સાંસદ દીપસિંહ રાઠોડે બાયડ વિધાનસભાની પેટા ચૂંટણીના પ્રચાર દરમિયાન સિંચાઈ માટેની સુજલામ-સુફલામ યોજના અંતર્ગત પાઈપલાઈન નાખવાની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘ દ્રષ્ટિ અને દૂરંદેશીનો ખ્યાલ રાખી જમીનનો કોઈ ટુકડો સિંચાઈથી વંચિત ન રહી જાય તેવી સુજલામ-સુફલામ યોજનાની વાહવાહી કરતા ફોટો પડાવ્યાના ગણતરીના ભંગાણ સર્જાતા ૭૫ વીઘા જમીન તળાવમાં ફેરવતા ખેડૂતોને ભારે નુકશાન પહોંચ્યું હતું.

સાંસદ દીપસિંહ રાઠોડ સુજલામ-સુફલામ યોજનાની પાઈપલાઈનમાં વાપરવામાં આવતી પાઈપલાઈનનું નિરીક્ષણ કરવામાં ગોથું ખાઈ ગયા હોય તેમ વાહવાહી કરેલ પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા ખેડૂતોમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો અને સાંસદ દીપસિંહે કરેલ સુજલામ-સુફલામ સિંચાઈ યોજનાના સ્થળ પરીક્ષણ કયા પ્રકારનું પરીક્ષણ હતું. તે અંગે ખેડૂતોના તરહ-તરહ ચર્ચાનો વિષય બન્યો છે. જીલ્લાના પ્રજાજનોએ અને ખેડૂતોમાં સુજલામ-સુફલામ યોજનામાં ભારે ભ્રષ્ટાચાર થતો હોવાની અનેક બૂમો ઉઠી હોવા છતાં અધિકારીઓને પદાધિકારીઓ છાવરતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના લીંબ ગામામાં સુજલામ



સુફલામ લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણી આસપાસના ખેતરોમાં ફરી વળતા તંત્રની બેદરકારી સામે આવી હતી. કેનાલની પાઈપલાઈનના વેલમાંથી હજારો લીટર પાણીનો વેડફાટ થતા ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો.

બાયડના લીંબ ગામના ખેતરોમાંથી પસાર થતી સુજલામ સુફલામ લાઈનમાં ભંગાણ સર્જાતા આસપાસના ખેડૂતોના ૭૫ વિઘાથી વધુ જમીનમાં તળાવ જેવા દ્રશ્યો સર્જાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ચોમાસા દરમ્યાન અતિવૃષ્ટીના કારણે ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે ત્યારે માંડ બચેલા પાકમાં તંત્રની બેદરકારીના કારણે પાણી ફરી વળતા પાક સંપૂર્ણ નિષ્ફળ થઈ ગયો છે.

ચોમાસામાં સારો વરસાદ થતા હાલ પાણી ડેમમાં ભરપુર પાણી થયા છે પરંતુ દર ઉનાળામાં પાણીની અછત સર્જાય છે ત્યારે તંત્રની નિષ્ક્રિયતા હજારો લીટર પાણી તો વેડફાય જ છે પણ ખેતરોમાં ઉભા પાક પણ બરબાદ થાય છે. ચોમાસામાં સારો વરસાદ થતા હાલ પાણી ડેમમાં ભરપુર પાણી થયા છે પરંતુ દર ઉનાળામાં પાણીની અછત સર્જાય છે ત્યારે તંત્રની નિષ્ક્રિયતા હજારો લીટર પાણી તો વેડફાય જ છે પણ ખેતરોમાં ઉભા પાક પણ બરબાદ થાય છે.

## બાયડમાં ચૂંટણી ટાણે વૃદાવન હોટલ આગળથી

# બે પીકઅપ ડાલામાંથી ૪૦૮૨ બોટલ દારૂ જપ્ત

## પોલીસ રક્ષણ સાથે દારૂ લવાયો હોવાનો આક્ષેપ

બાયડ, તા. ૨૦

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના પોકળ દાવા વચ્ચે ચૂંટણીનો જંગ જીતવા



ઉમેદવારો મતદારોને રીઝવવા દેશી-વિદેશી દારૂની શરણે પહોંચી રીતસરની દારૂની નદીઓ વહેડાવતાં હોય છે. બાયડ પેટા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે. મતદાનના ૪૮ કલાક પહેલા બાયડ વિધાનસભા સીટના પ્રભારી અને ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા જે હોટલમાં રોકાતા હતા તે હોટલ આગળ બે પીકઅપ ડાલામાંથી કોંગ્રેસ જિલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલ અને પ્રજાજનોએ જનતા રેડ કરી પીકઅપ ડાલામાંથી ૨.૩ લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડતા અને જનતા રેડના વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા જિલ્લા



પોલીસતંત્ર ઊંધા માથે પછડાયું હતું.

શનિવારે રાત્રે ડેમાઈ જિલ્લા પંચાયત સીટના કીર્તિ પટેલે અને પ્રજાજનોએ બાયડની વૃંદાવન હોટલ આગળ બે પીકઅપ ડાલામાં વિદેશી દારૂ ભરેલ પકડી પાડ્યા હતા. પીકઅપ ડાલાના ડ્રાઈવરે લોકો સમક્ષ નિવેદન આપ્યું હતું કે, ઈસરી પોલીસ સ્ટેશનના પીએસઆઈ તબિયાડ અને રાઈટરે પીકપડાલામાં માલસામાન ભરી આપ્યો હોવાનું અને દારૂ ભરેલ હોવાથી અજાણ હોવાનો ડોળ કરતા લોકોએ પીકઅપ ડાલુ તેના હાથે ખોલાવી અંદર વિદેશી દારૂ ભરેલી પેટીઓ બતાવી હતી જે અંગેનો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

ડેમાઈ જિલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલના જણાવ્યા અનુસાર વૃદાવન હોટલમાં ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા રોકાતા હતા અહીં તેમની મુલાકાતે જિલ્લા પોલીસવડા મયુર પાટીલ સહીત અનેક અધિકારીઓ તેમને મળવા આવતા હતા તે જ જગ્યાએથી વિદેશી દારૂ ભરેલ બે પીકઅપ ડાલા પકડાતા ગાંધીના ગુજરાતમાં દારૂબંધી અંગે હવે શું કહેવું...? આ બંને પીકપડાલા માં વિદેશી દારૂનો જથ્થો પોલીસ રક્ષણ સાથે પહોંચ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે વૃંદાવન હોટલ આગળથી બે પીકઅપ ડાલામાંથી ૨.૩ લાખ વિદેશી દારૂનો જથ્થો પકડાયો હોવાની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગેલેક્સી સ્કૂલ વડગામ ખાતે વાલી સંમેલન યોજાયું

વડગામ, તા. ૨૦

વડગામ તાલુકા મથકે આવેલ ગેલેક્સી સ્કૂલ ખાતે સફળ વાલી સંમેલન યોજાયું હતું.

ગેલેક્સી સ્કૂલ વડગામ અને કેસરબા જાડેજા સ્કૂલના વાલીઓનું સહિતના આગેવાનો અને વાલીઓ મોટી સંખ્યામાં વાલીઓ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધો. ૧૦ અને ૧૨માં પ્રથમ, બીજો અને ત્રીજો નંબર લાવનાર વિદ્યાર્થીઓને શાળા પરીવાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા



સંમેલન ગેલેક્સી સ્કૂલના પટાંગણમાં યોજાયું હતુ. આ વાલી સંમેલનમાં તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ અને જિલ્લા પંચાયતના સદસ્ય ફલજીભાઈ પટેલ, વડગામ તાલુકા પંચાયતના સદસ્ય રાજેન્દ્રસિંહ રાઠોડ (મેમદપુર) પાલનપુર નગરપાલિકા સદસ્ય ચિમનલાલ સોલંકી, વિનોદભાઈ રાખી, દિપક પંડ્યા હતા. બહોળી સંખ્યામાં તાલુકાના આગેવાનો અને વાલીઓ હાજર રહીને વાલી સંમેલનને સફળ બનાવ્યુ હતુ. ૧૮-૧૯ની વાર્ષિક પરીક્ષા અને બોર્ડની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ સારા માર્ક્સ મેળવ્યા હતા એમને ૧,૯૪,૦૦૦ રૂપિયાના ચેક આપવામાં આવ્યા અને ટ્રોફીઓથી સન્માન કરવામાં આવ્યુ હતુ.




કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિદુષ સોમાની ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ કડી ખાતે એક દિવસીય સ્પોર્ટસડેનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પોર્ટ્સ ડે નું આયોજન શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તથા તેઓ માનસિક સાથે શારીરિક રીતે પણ મજબૂત અને સ્વસ્થ રહેતે ઉદ્દેશથી આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પોર્ટ્સ ડેમાં વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. દિવસના અંતે પ્રિન્સિપાલ દ્વારા વિજેતાઓને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ગાંધીના ગુજરાતમાં લોકશાહીનું હનન અને ખૂન થઈ રહ્યું છે : જશુભાઈ પટેલ

## ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ લોકશાહીનું ખૂન કર્યું છે

બાયડ, તા. ૨૦

બાયડ પેટા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે. મતદાનના ૪૮ કલાક પહેલા બાયડ વિધાનસભા સીટના પ્રભારી અને ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા જે હોટલમાં રોકાતા હતા તે હોટલ આગળ બે પીકઅપ ડાલામાંથી કોંગ્રેસ જિલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલ અને પ્રજાજનોએ જનતા રેડ કરી પીકઅપ ડાલામાંથી ૨.૩ લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડતા અને જનતા રેડના વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા જિલ્લા પોલીસતંત્ર ઊંધા માથે પછડાયું હતું.

બાયડ વિધાનસભા ચૂંટણીના કોંગ્રેસના ઉમેદવાર જશુભાઈ પટેલના જણાવ્યા અનુસાર, રાજ્યના ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ લોકશાહીનું ખૂન કર્યું છે. છેલ્લા વીસ દિવસથી જ્યાં રોકાતા હતા અને ભારતીય જનતા પાર્ટીનું



ખાનગી કાર્યાલય ચલાવતા હતા ત્યાં અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલ અને રેન્જ આઈજી ત્યાં બે-બે કલાક ચર્ચા કરતા હતા ત્યાં આવું કેમ કર્યું કાયદો અને વ્યવસ્થાની જવાબદારી જેના માથે હોય ત્યાંથી દારૂ પકડાય પ્રજાજનો દારૂ પકડે અને પોલીસ દારૂ મોકલાવે અને રાજ્યના ગૃહ રાજ્યમંત્રી જ્યાં રહેતા હોય ત્યાં દારૂ વેચાય અને વહેંચાય આ કયા પ્રકારની ચૂંટણી છે ગાંધીના ગુજરાતમાં લોકશાહીનું હનન અને ખૂન થઈ રહ્યું છે.

વધુમાં અંગે તેમને જણાવ્યું હતું કે ,રાજ્ય ચૂંટણી કમિશ્નરને ટેલિફોનિક જાણ કરવામાં આવતા તેમને લેખિતમાં માંગણી કરી છે. હાલ ચૂંટણીની ધમાલમાં લેખિત માંગણી કરવામાં આવતા મને આશ્ચર્ય થયું છે તેમને આ અંગે તપાસ કરવી જોઈએ આ અંગે જીલ્લા કલેક્ટર, ચૂંટણી અધિકારી અને બાયડ પ્રાંત અધિકારીને જાણ કરી હોવાનું જણાવી લોકશાહી બચાવવી હોય અને લોકશાહીમાં માનતા હોય તો પ્રદીપસિંહ જાડેજાએ જવાબદારી સ્વીકારી વહેલી તકે રાજીનામુ આપવું જોઈએની માંગ કરી હતી.

# શામળાજી મેશ્વો જલાગારમાંથી ભિલોડાના યુવાનનો મૃતદેહ મળ્યો

અરવલ્લી જીલ્લાના ભિલોડા ગામના નવી વસવાટ વિસ્તારના ગુમ યુવાનનો મૃતદેહ શામળાજી મેશ્વો જલાગારમાંથી મળતા પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. યુવાનનો મૃતદેહ મળ્યો હોવાની વાત વાયુવેગે પ્રસરતા લોકોના ટોળે-ટોળા અને પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ભિલોડા એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે રાધા-કુંજ શોપીંગ સેન્ટર આગળ બુટ-ચંપ્પલની એક લારી ઉપર યુવાને કહ્યું કે હું દસેક મિનીટમાં આવું છું તેમ કહી નીકળી ગયેલ ગુમ યુવાનની પરીવારજનો ભારે શોધખોળ આદરી પરંતુ યુવાનનો મૃતદેહ મળી આવતા ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.ભિલોડા સીન્ધી સોસાયટી,નવી વસવાટ વિસ્તારનો રહેવાસી જીતેન્દ્રભાઈ ઉર્ફે (સોનુ) શીતલદાસ ગંગવાણી,આશરે ઉંમર વર્ષ-૨૬ વર્ષીય યુવાનનો મૃતદેહ શામળાજી મેશ્વો જલાગારમાંથી મળતા પોલીસએ મૃતક યુવકનું પી.એમ. કરાવીને મૃતદેહ પરીવારજનોને સોપતા પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.